Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :28• Date : 30-11-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

# SDRFના ધોરણ મુજબ ખેડૂતોને થયેલ નુકસાનીની સહાય ચૂકવાશે



ગાંધીનગર,

કમોસમી વરસાદથી સમગ્ર ગુજરાતના ખેડૂતોને પારાવાર નુકશાની થઈ છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા ૨૪ થી ૨૮ નવેમ્બર સુધી કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી, જેના પગલે સમગ્ર ગુજરાતમાં તેની અસર જોવા મળી હતી. બે દિવસ દરમ્યાન છૂટાછવાયા પડેલા વરસાદે ખેત પાકોને ભારે નુકશાન પહોંચાડ્યું છે. રવિપાકમાં વરસાદના કારણે કપાસ પલળી ગયો છે. જ્યારે બાજરી, જુવાર, ઘઉં, જીરું ચણા, સહિતના પાકને પણ માવઠાનો માર લાગ્યો છે. અચાનક કરા સાથે વરસેલા ભારે વરસાદના કારણે વાડી ખેતરોમાં ઊભા પાક ઢળી પડ્યા છે. ત્યારે હવે ગુજરાત સરકાર ખેડૂતોની મદદે આવી છે. સરકારે ખેડૂતોની નુકસાની સામે સહાય જાહેર કરી છે. ૨ દિવસ પડેલા કમોસમી વરસાદથી ખેડૂતોના કપાસ, તુવેર અને એરંડાના પાકને નુકસાન થયું છે. ત્યારે કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું કે, કપાસમાં મુખ્ય ફાલ વિણાઈ ગયો છે... છેલ્લી વીણીમાં નુકસાન સામે આવ્યું છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલની પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, કમોસમી વરસાદને પગલે કપાસ, તુવેર અને એરંડાના પાકને નુકસાન થયું છે. દિવેલા પાકનું ઉત્પાદન ૭ લાખ હેકટરમાં નોંધાયેલું છે જેની કાપણી પૂર્ણ થઈ ચૂકી હતી. ૨ દિવસમાં ૨૩૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. તો ૧૧૨ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ થયો છે. ૩૪ તાલુકામાં ૨ ઈંચથી વધુ, ૬ તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો. કપાસ, તુવેર અને એરંડાને નુકસાન સામે આવ્યું છે. કપાસમાં મુખ્ય ફાલ વીણાઈ ગયો છે, પરંતુ છેલ્લી વીણીમાં નુકસાન સામે આવ્યું છે. ખેડૂતોને સહાય માટે કૃષિ મંત્રીએ કહ્યું કે, **SDRF**ના ધોરણ મુજબ ખેડૂતોને નુકસાનીની સહાય ચૂકવવામાં આવશે. હેક્ટર દીઠ ૬ હજાર ૮૦૦ સહાય ચૂકવવામાં આવે છે. ૩૩ ટકાથી વધુ નુકસાન હશે તો જ સહાય મળશે.

તેમણે વધુમાં કહ્યું કે, ૨ લાખ હેક્ટરમાં તુવેરનું વાવેતર છે. એક થી બે દિવસમાં વાદળા દૂર થઈ જશે. રવિ સીઝનમાં ૧૫ થી ૧૬ લાખ હેકટરમાં વાવેતર નોંધાયું છે. આ વાવેતર હજુ પ્રારંભિક તબક્કામાં છે. જો વધુ વરસાદ પડે અને પાણી ભરાયેલું રહે તો નુકસાન જવાની ભીતિ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈએ મને ટેલિફોન તાત્કાલિક સર્વે કરવા આદેશ આપ્યો છે. આજે બપોરે ગાંધીનગરમાં મિટિંગ બોલાવી છે. સહાય અંગે આજની બેઠકમાં નીતિ નક્કી કરવામાં આવશે. સર્વે બાદ સહાયની જાહેરાત કરવામાં આવશે. કૃષિ મંત્રીએ જણાવ્યું કે, ૧૧૨ તાલુકાઓ એક ઈંચ વરસાદ પડ્યો છે. ૮૬ લાખ હેક્ટરમાં વાવેતર થયું હતું. કપાસ, તુવેર અને એરંડા મોટું નુકસાન થયું છે. કપાસના પાકમાં છેલ્લી વીણી બાકી હોય તેમાં નુકશાન થયું છે. દિવેલાના પાકમાં મોટા ભાગે કાપણી થઈ ગઈ હતી. કપાસ,એરંડા અને તુવેરમાં ૨૦ થી ૨૫ લાખ હેક્ટરમાં વાવેતર થયું હતું. રાઘવજીભાઈએ કહ્યું મોટા ભાગનો પાક ખેડૂતોએ લઈ લીધો હતો. જેમાથી ત્રણ થી ચાર લાખ હેક્ટરમાં નુકશાન થયું છે. ગુજરાત સરકારે છેલ્લાં ૯ વર્ષમાં ૧૦,૭૦૦ કરોડની સહાય ચૂકવી છે. હજુ કુદરતી આફતોમાં ખેડૂતોને સહાય ચુકવવામાં આવશે.

### આવનારા દિવસોમાં તાપમાનમાં વધારે ઘટાડો થઈ શકે

# ઉ.ગુજરાત અને રાજસ્થાન પર સર્જાયેલું છે અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન

## દિલ્હી-એનસીઆર સહિત અનેક રાજ્યોમાં વરસાદ પડ્યો છે ત્યારબાદ વિસ્તારોમાં તાપમાનમાં પણ ઘટાડો થયો છે

નવી દિલ્હી,

દિલ્હી-એનસીઆર સહિત અનેક રાજ્યોમાં વરસાદ પડ્યો છે. ત્યારબાદ વિસ્તારોમાં તાપમાનમાં પણ ઘટાડો થયો છે. વરસાદે અચાનક ઠંડી વધારી દીધી છે અને હવે લોકોએ કડકડતી ઠંડી માટે તૈયાર રહેવું પડશે. આવનારા દિવસોમાં તાપમાનમાં વધારે ઘટાડો થઈ શકે છે. એવી આશા હતી કે વરસાદ બાદ પ્રદૂષણમાં રાહત મળશે. પરંતુ હજુ પણ અનેક વિસ્તારોમાં ધુમ્મસની ચાદર છવાયેલી છે. દિલ્હીમાં હજુ પણ એક્યુઆઈ ૩૫૦ની આજુબાજુ છે. આ ઉપરાંત અન્ય રાજ્યો અને ગુજરાત માટે શું આગાહી કરવામાં આવી છે તે પણ ખાસ જાણો. સ્કાઈમેટ વેધરના જણાવ્યાં મુજબ મધ્ય પાકિસ્તાન અને તેની નજીકના વિસ્તારો પશ્ચિમી રાજસ્થાન પર એક પ્રેરિત ચક્રવાતી પવનનું ક્ષેત્ર હવે રાજસ્થાનના પશ્ચિમી ભાગો પર છે. મધ્ય પ્રદેશના કેટલાક હિસ્સાઓ પર એક ચક્રવાતી હવાઓનું ક્ષેત્ર બનેલું છે. જેની અસર જોવા મળી રહી છે. જ્યારે દક્ષિણી આંદમાન સાગર પર એક ચક્રવાતી હવાઓનું ક્ષેત્ર બનેલું છે. તેના પ્રભાવથી આગામી ૨૪ કલાકમાં એક ઓછા દબાણનું ક્ષેત્ર બની શકે છે, જે ૨૯ નવેમ્બરની આજુબાજુ દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી અને તેની નજીક આંદમાન સાગર પર એક દબાણ ક્ષેત્રમાં ફેરવાઈ શકે છે. હવામાન ખાતાના જણાવ્યાં મુજબ દિલ્હીમાં મંગળવારે આંશિક રીતે વાદળ છવાયેલા રહેશે. તાપમાન વધુમાં વધુ લગભગ ૨૫ ડિગ્રી સેલ્સિયસ અને ન્યૂનતમ ૧૨ ડિગ્રી સેલ્સિયસ રહેવાની આશા છે.

ગુજરાતના વિવિધ ભાગોમાં થયેલા માવઠાના કારણે વીજળી પડવાથી ૨૭ જેટલા લોકોના મોત થયા છે. વરસાદથી ઘરો અને પાકને પણ નુકસાન પહોંચ્યું છે. ઉત્તર ગુજરાત અને રાજસ્થાન પર સર્જાયેલા અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરથી સર્જાયેલા માવઠાનું માહોલ હજું પણ એક દિવસ ચાલુ રહે અને મંગળવારે પણ વરસાદી છાંટા કે સામાન્ય વરસાદ પડે તેવી વકી છે. રાજ્યમાં છેલ્લા બે દિવસથી સતત વાદળછાયું વાતાવરણ રહેવાથી લઘુત્તમ તાપમાન ૪.૩ ડિગ્રી ઘટીને ૧૭.૫ ડિગ્રી પર પહોંચ્યું જ્યારે મહત્તમ તાપમાન ૨૬.૭ ડિગ્રીએ પહોંચ્યું છે.

# માવઠા બાદ હવે ઠંડી પોતાનો કેર વર્તાવવાનું શરૂ કરશે

અમદાવાદ,

જગતના તાત પરથી હવે માવઠાની આફત ટળી ગઈ છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ગુજરાત પર જે વરસાદી સિસ્ટમ સક્રિય થઈ હતી. તે હવે ગુજરાત પરથી આગળ વધી ગઈ છે. પરંતુ ભરશિયાળે માવઠું થતાં હવે કાતિલ ઠંડી પડવાની હવામાન વિભાગે વાત કરી છે.

ભરશિયાળે આવેલા માવઠાએ ખેડૂતોના હાલ બેહાલ કરી દીધા છે. હજુ તો ગુજરાતમાં શિયાળાની શરૂઆત થઈ છે. ત્યાં જાણે આખા રાજ્યમાં ચોમાસુ બેઠું હોય તેવી સ્થિતિ માવઠાએ કરી દીધી હતી. કમોસમી આવેલા વરસાદ જાણે આખા રાજ્યને ઘેરી વળ્યો હતો. સૌરાષ્ટ્રમાં અને ઉત્તરગુજરાતમાં તો ઘણી જગ્યાએ કરાવર્ષાને કારણે હિલ સ્ટેશન જેવો માહોલ સર્જાયો. માવઠાંને કારણે કેટલીક જગ્યાએ પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. તો ખેતીને ઘણું નુકસાન થયું છે. ભરશિયાળે આવેલા ચોમાસા જેવા વરસાદે જગતના તાતને ચિંતામાં મુકી દીધો, ત્યારે હવે હવામાન વિભાગે કરેલી આગાહી ખેડૂતો માટે મુશ્કેલીમાં રાહત આપનારી છે. કારણ કે હવે હવામાન વિભાગે આગાહી કરી છે કે ગુજરાતના ખેડૂતોના માથા પરથી માવઠાની આફત ટળી ગઈ છે.

ભરશિયાળે આવેલા માવઠાએ ખેડૂતોના પાકનો સોથ વાળી દીધો છે. ત્યારે માવઠા બાદ ઠંડી પોતાનો કહેર વર્તાવશે. હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીએ આગાહી કરી છે કે માવઠાના કારણે હવે રાજ્યમાં શિયાળો જામશે. સાથે જ દિવસે દિવસે તાપમાનનો પારો પણ ગગડશે. શિયાળાની શરૂઆત થઈ ચુકી છે, પરંતુ માવઠા પહેલા રાજ્યમાં ઠંડીનો અહેસાસ થઈ રહ્યો ન હતો.

## તંત્રી લેખ

# વધુ એક વાયરસ

ચીનમાં ફરી એક વખત ખતરનાક વાયરસ ફેલાયો હોવાના સમાચારે બધાને ચિંતામાં મૂકી દીધા છે. કહેવાય છે કે આ એક નવા પ્રકારનો ન્યૂમોનિયા છે, જેના રોજ સાત હજારથી વધુ કેસો આવી રહ્યા છે. ખાસ કરીને બાળકો તેના નિશાન પર છે, જેનાથી ચિંતિત વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબ્લ્યુએચઓ)એ ચીનમાં લોકોને સાવધાન કર્યા છે. શ્વાસ સંબંધી બીમારીના ખતરાને ઓછો કરવા માટે લોકોને એ પ્રકારના ઉપાય અજમાવવા પડશે, જેવા કોરોના સમયે અમલમાં મૂક્યા હતા. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ચીનને માહિતી આપવાનું કહ્યું છે, પરંતુ શું આ વખતે ચીન આ નવા વાયરસ વિશે પૂરતી જાણકારી આપશે? નવા વાયરસ વિશે શરૂઆતી માહિતી ૧૩ નવેમ્બરથી જ સામે આવવા લાગી હતી અને કામની વાત એ પણ છે કે ચીન આ નવા વાયરસ મુદ્દે સતર્ક છે. સાથે જ તેણે કોઈ પ્રકારની ચિંતાનો પણ ઈનકાર કર્યો છે. જાણકારી અનુસાર ચીનના ઉત્તરી ક્ષેત્રોમાં પાછલાં ત્રણ વર્ષોની આ અવધિમાં ઈન્ફ્લુએન્ઝા જેવી બીમારીને વધારો જોવા મળી રહ્યો છે. શું આ માત્ર સિઝનલ સમસ્યા છે? જો સિઝનલ હોય તો ચીન તેને સ્થાયી રૂપે રોકવા માટે કયા ઉપાય કરી રહ્યું છે?

ઉત્તરી ચીનમાં બાળકોમાં જોવા મળતો આ ઈન્ફ્લુએન્ઝા એક અજ્ઞાત ન્યૂમોનિયાને કારણે બની રહ્યો છે. દુનિયાના દેશ ચીન પાસે એ જ આશા રાખશે કે તે આ વખતે કોઈપણ પ્રકારની ગંભીર માહિતી છૂપાવે નહીં. પોતાના જ સ્તર પર સંક્રમણ રોકી લે. ચીનમાં જો આ વાયરસ ફેલાયો તો તેના નામ પર પણ બટ્ટો લાગશે. ચીન પૂરતી સજ્ઞાઈ છતાં સંક્રામક બીમારીઓ સામે લડવામાં નિષ્ફળ રહેશે તો તેનાથી દુનિયાના દેશોમાં ખરાબ સંદેશ જશે. એ પણ ગંભીર બાબત છે કે આખરે ચીનમાં જ અજ્ઞાત બીમારીઓ કેમ ફૂટી નીકળે છે? શ્વસન સંક્રમણનો ખતરો જો ચીનમાં વધ્યો છે, તો તેનું કારણ શોધવું જોઈએ. અનેક દેશોમાં શ્વસન સંબંધી સમસ્યા નગણ્ય છે, જ્યારે ચીનમાં શ્વસન રોગના કેસો વધુ છે, તો ચીની અધિકારીઓ અને નેતાઓએ ગંભીર થવું જોઈએ. ચીન ટીકાને સકારાત્મક રીતે લે તો તેના માટે જ બહેતર છે. કોરોના સમયે તેનું જે વલણ હતું, તે ઈતિહાસમાં નોંધાઈ ગયું છે. પૂરી સજ્ઞાઈ સાથે ચીને કઈ રીતે આરોપને નકારી દીધા હતા, પરંતુ હવે જો ત્યાંથી નવા વાયરસનો સિલસિલો અટકે નહીં, તો ચીનની સજ્ઞાઈ બેરહમીમાં ગણાઈ જશે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને પણ હવે વધારે જવાબદારીનો પરિચય આપવો જોઈએ. ચીન પ્રત્યે તેના ઉદાર વલણની નિંદા પહેલાં પણ થઈ ચૂકી છે. સંગઠનની ટીમ ચીન ગઈ હતી, પરંતુ દુનિયામાં લગભગ ૭૦ લાખ લોકોનો જીવ લેનાર કોરોના વાયરસ કોઈ પ્રયોગશાળામાંથી નીકળ્યો હતો કે કોઈ જાનવરને કારણે ફેલાયો હતો, એ નક્કી ન થઈ શક્યું! ચીન કેટલાય પ્રકારના ખાદ્ય-અખાદ્ય ઉત્પાદનો દુનિયામાં વેચે છે, ત્યારે એ વિચારવું પડશે કે આપણે માણસોની રોગ પ્રતિરોધક ક્ષમતા કેમ કમજોર થતી જાય છે? ચીન જ નહીં, દુનિયાભરના તમામ એવા વ્યવસાયો કે ખાનપાનને અટકાવવા પડેશે, જેનાથી સ્વાસ્થ્યને ઘણું નુકસાન થાય છે.

# સ્ટોરેજ ટેક્રમાં બ્લાસ્ટ થતાં ૨૦ કામદારો દાઝ્યા

સુરત, તા.૨૯

ગઈકાલે મોડી રાત્રે સુરતની સચિન GIDCની કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હોવાની ઘટના બની હતી. કેમિકલ ફેક્ટરીમાં આગ લાગતા વિસ્ફોટ થયો હતો. સ્ટોરેજ ટેક્રમાં બ્લાસ્ટ થતા ૨૦ કામદારો દાઝ્યા હતા. તમામ દાઝેલા કામદારોને હોસ્પિટલ ખસેડાયા હતા. આ બનાવમાં ત્રણ કામદારોની હાલત ગંભીર છે. જ્યારે ફાયરબ્રિગેડ દ્વારા ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. સચિન GIDC રોડ નંબર ૮ પર આવેલી કેમિકલ કંપનીની આ ઘટના છે. એથલ કેમિકલ કંપનીમાં રાત્રે ૨ વાગ્યે આગ લાગી હતી. કંપનીમાં આગ લાગતા વિસ્ફોટ થયો હતો. સ્ટોરેજ ટેક્રમાં બ્લાસ્ટ થતા ૨૦ કામદારો દાઝ્યા હતા. તમામ દાઝેલા કામદારોને હોસ્પિટલ ખસેડાયા હતા. બનાવમાં ત્રણ કામદારોની હાલત ગંભીર છે. ઘટનાના પગલે વેસુ, મજુરા, માન દરવાજા અને ભેસ્તાન ફાયર સ્ટેશનોની ગાડીઓ સહિતનો કાફલો સ્થળે પહોંચ્યો હતો અને ભારે જહેમત બાદ આગ કાબૂમાં લીધી હતી. આગ અંગે પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આગનો બનાવ રાત્રે દોઢ વાગ્યાની આસપાસ બન્યો હતો. બનાવ બાબતે પોલીસને જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. સાથે જ ફાયર બ્રિગેડના કર્મચારીઓ પણ આવી પહોંચ્યા હતા.

### મહિલાની અરજી પર હાઈકોર્ટનો મહત્વનો નિર્ણય

# લગ્ન બાદ પત્ની પણ ન માંગી શકે આધારની માહિતી:હાઈકોર્ટ

નવી દિલ્હી,

પત્ની પતિના આધારકાર્ડની માહિતી માંગી શકે છે કે નહીં ? પત્નીને આધારકાર્ડની માહિતી એકતરફી મેળવવાનો અધિકાર છે કે નહીં ? આ મામલે હાઈકોર્ટે મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. કર્ણાટક હાઈકોર્ટે આજે એક મહિલાની અરજી પર સુનાવણી હાથ ધરી હતી. અરજીમાં મહિલાએ જુદા રહેતા પતિનો આધાર નંબર, એનરોલમેન્ટ વિગતો અને ફોન નંબર માગ્યો હતો. મહિલાની દલીલ હતી કે, તેની પાસે પતિની વિગતો ન હોવાથી ફેમિલી કોર્ટના ભરણ-પોષણનો આદેશ લાગુ કરવામાં મુશ્કેલી પડી રહી છે, ત્યારે આ મામલે કોર્ટે મહિલાને ફટકાર લગાવી છે. મહિલાની અરજી પર હાઈકોર્ટે નિર્ણય સંભાળવતા કહ્યું કે, પત્ની માત્ર લગ્ન સંબંધોના આધારે પોતાના પતિના આધાર ડેટાની માહિતી એકતરફી માંગી શકે નહીં. ઉપરાંત આ બાબત કાયદાના બંધારણીય માળખાની ગોપનીયતાના અધિકારોની સ્વાયત્તતા અને સુરક્ષા પર ભાર મુકે છે. એટલું જ નહીં, કોર્ટે સ્પષ્ટ જણાવ્યું કે, લગ્નથી પતિની ગોપનિયતાના અધિકારો ઓછા થઈ જતા નથી.

ન્યાયાધીશ એસ.સુનીલ દત્ત યાદવ અને ન્યાયાધીશ વિજયકુમાર એ.પાટિલની બેંચે કહ્યું કે, લગ્ન કરવાથી આધારકાર્ડ ધરાવનાર વ્યક્તિની ગોપનિયતાનો અધિકાર ઓછો થઈ જતો નથી અને નિર્ધારિત કરેલી પ્રક્રિયાનું પાલન કરવું જોઈએ. દરમિયાન એક મહિલાના ૨૦૦૫માં લગ્ન થયા હતા. દંપત્તિને એક પુત્રી પણ છે. બંને વચ્ચે સંબંધો બગડ્યા બાદ મહિલાએ કાયદાકીય કાર્યવાહી શરૂ કરી હતી, જેમાં ફેમિલી કોર્ટે ભરણ-પોષણ પેટે ૧૦,૦૦૦ રૂપિયા અને પુત્રીના ખર્ચ પેટે ૫૦૦૦ રૂપિયા આપવાનો પતિને આદેશ આપ્યો હતો. જોકે ત્યારબાદ પતિના સરનામાની જાણ ન હોવાના કારણે મહિલાના પરિવારને વળતર મેળવવામાં મુશ્કેલી પડી રહી હતી, જેના કારણે મહિલાએ યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) અરજી કરી પતિની વિગતો માંગી હતી, જેને ૨૫ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ રદ કરી દેવાઈ હતી. અહીં પણ મહિલાની સમસ્યાનો નિવેડો ન આવતા છેવટે મહિલાએ હાઈકોર્ટનો દ્વાર ખટખટાવ્યો હતો.

### યુકેમાં હોશિયાર સ્ટુડન્ટ્સ માટે તક

# રિશી સુનકે સ્કિલ્ડ માઈગ્રન્ટ્સને કામ કરવા આમંત્રણ આપ્યું

નવી દિલ્હી,

યુકેના વડાપ્રધાન રિશિ સુનક આમ તો ઈમિગ્રેશન વિરોધી ગણાય છે, પરંતુ યુકેને હાલમાં સ્કિલ્ડ લોકોની જરૂર છે ત્યારે તેમણે સ્કિલ્ડ લોકોના ઈમિગ્રેશનની તરફેણ કરી છે. સુનકે માઈગ્રન્ટ્સને યુકેમાં આવીને કામ કરવા માટે આમંત્રણ પણ પાઠવ્યું છે.



યુકેના વડાપ્રધાને ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં સ્કિલ્ડ માઈગ્રન્ટ વર્કરની તરફેણમાં વાત કરી હતી. બીજી તરફ તેમની સરકાર ઈમિગ્રેશનના આંકડાથી ચિંતિત છે અને બહારના લોકો યુકેમાં આવવાનું બંધ કરે તેવું ઈચ્છે છે. રિશિ સુનકની સૌથી મોટી પરેશાની યુકેમાં ગેરકાયદે ઘુસી આવીને શરણાર્થીનો દરજ્જો માગતા લોકોના કારણે છે. સુનક સરકાર આવા શરણાર્થીઓને પકડીને તેમને રવાન્ડા મોકલી દેવાનો પ્લાન ધરાવે છે, પરંતુ અદાલતોએ આ પ્લાનને ગેરકાયદે ગણાવ્યો તેના કારણે સુનકના હાથ બંધાયેલા છે. હવે તેમણે કહ્યું કે તમે ઈનોવેટર હોવ, ઉદ્યોગ સાહસિક હોવ, રિસર્ચ હોવ તો તમને જાણો છો કે અત્યંત સ્કિલ્ડ, ઈન્ટરનેશનલ લોકો માટે શ્રેષ્ઠ દેશ યુકે છે. તેમણે ૐ એટલે કે હાઈ પોટેન્શિયલ ઈન્ડિવિડ્યુઅલ વિઝાની વાત કરી હતી. આ વિઝા હેઠળ વિશ્વની ટોચની ૫૦ યુનિવર્સિટીઓમાંથી ગ્રેજ્યુએટ થનાર કોઈ પણ વ્યક્તિ યુકેમાં પોતાના પરિવાર સાથે બે વર્ષ માટે આવી શકે છે અને યુકેમાં કામ, રિસર્ચ કે અભ્યાસ કરી શકે છે. એટલે કે દુનિયાના સૌથી ટેલેન્ટેડ લોકો માટે અહીં તક છે.

રિશિ સુનક સરકારના મંત્રી બ્રેવમેને તાજેતરમાં એક વિવાદના કારણે રાજીનામુ આપવું પડ્યું હતું. એવું કહેવાય છે કે બ્રેવમેન ગ્રેજ્યુએટ વિઝા રૂટ બંધ કરવા માગતા હતા જેને પોસ્ટ સ્ટડી વર્ક વિઝા પણ કહેવામાં આવે છે. તેના દ્વારા ગ્રેજ્યુએટ લોકો ડિગ્રી મેળવ્યા પછી યુકેમાં રોકાઈ શકે છે અને કામનો અનુભવ મેળવી શકે છે. રિશિ સુનક આ પ્રોગ્રામની ફેવર કરે છે. ગ્રેજ્યુએટ વિઝા રૂટનો સૌથી વધુ ફાયદો ભારતીય વિદ્યાર્થીઓએ ઉઠાવ્યો હતો. તાજેતરના આંકડા પ્રમાણે આ સ્કીમમાં જે સ્ટુડન્ટને યુકેમાં ભણવાની, કામ કરવાની અથવા રિસર્ચ કરવાની મંજૂરી આપવામાં આવી તેમાંથી ૪૩ ટકા ભારતીયો હતા. યુકેના મંત્રી બ્રેવમેન ઈચ્છતા હતા કે યુકે આવનારા ઈમિગ્રન્ટ પોતાની સાથે જે પરિવારજનોને લાવે છે તેની સંખ્યા પર અંકુશ મુકાવો જોઈએ. તેમનું કહેવું હતું કે યુકેની અમુક એકદમ ટોચની યુનિવર્સિટીમાં જ ભણતા સ્ટુડન્ટને વિઝા આપવા જોઈએ. રિશિ સુનક આ વાત સાથે સહમત ન હતા. યુકેમાં આવતા વિદેશી સ્કીલ્ડ વર્કર્સનો વાર્ષિક પગાર પણ ઓછામાં ઓછા ૨૬૦૦૦ ડોલરના બદલે ૪૦ હજાર ડોલર કરવામાં આવે તેવી ભૂતપૂર્વ હોમ મિનિસ્ટર બ્રેવમેનની માગણી હતી. યુકેમાં હાલમાં નેટ માઈગ્રેશનની પણ સમસ્યા છે વર્ષ ૨૦૨૧-૨૨માં યુકેમાં ૭.૪૫ લાખ લોકોનું નેટ માઈગ્રેશન થયું હતું જેના કારણે ટેલેન્ટની અછત સર્જાઈ છે.

# મોબાઈલ મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીએ ૪૪ બિલિયન ડોલર કર્યા પાર

હોસુર,

દેશના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (IT) મંત્રી અશ્વિની વૈષ્ણવે સોમવારે બેંગલુરુ નજીક હોસુરમાં ટાટા ઈલેક્ટ્રોનિક્સના પ્લાન્ટની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે ભારતમાં ઉપયોગમાં લેવાતા ૯૯.૨ ટકા મોબાઈલ ફોન આપણા દેશમાં જ બને છે.

દેશના મોબાઈલ મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીએ **$44** બિલિયનનો આંકડો પાર કરી ગયો છે હોવાની કેન્દ્રીય મંત્રીએ વાત કરી હતી. આ મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમની સફળતા છે. મંત્રીએ કહ્યું કે સેમિકન્ડક્ટર પ્રોગ્રામમાં પણ ઘણી પ્રગતિ થઈ છે, ખૂબ જ ટૂંક ભારત આ ક્ષેત્રમાં આગળ વધશે. પત્રકાર પરિષદમાં તેમણે ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ભારતે કરેલી પ્રગતિ વિશે માહિતી આપી હતી. આ દરમિયાન તેમણે વિપક્ષી નેતાઓ પર પણ જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કટાક્ષ કર્યો કે કેટલાક વિપક્ષી નેતાઓ હજુ પણ એ ભ્રમમાં છે કે દેશમાં ઉપયોગમાં લેવાતા મોબાઈલ ફોન આજે પણ આયાત કરવામાં આવી રહ્યા છે. ત્યારે સત્ય એ છે ભારતમાં ઉપયોગમાં લેવાતા ૯૯.૨ ટકા મોબાઈલ મોબાઈલ ફોન દેશમાં જ બને છે.કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે દેશના મોબાઈલ મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીએ **$44** બિલિયન ડોલર પાર કરી ગયુ છે. આ ઉપરાંત વેલ્યુ ચેઈન પણ વધી રહી છે.

# સરકારે ૭૦ લાખ મોબાઈલ નંબર બ્લોક કરી દીધા

નવી દિલ્હી,

દેશમાં ડિજિટલ અને ઓનલાઈન છેતરપિંડીના કેસ ઝડપથી વધી રહ્યા છે. દરરોજ સાયબર ગુનેગારો ફોન કોલ્સ અને મેસેજિંગ દ્વારા લોકોને છેતરવા માટે નવી રીતો અજમાવતા હોય છે. નાણાકીય સેવા સચિવ વિવેક જોશીએ મંગળવારે જણાવ્યું હતું કે, ડિજિટલ ફ્રોડને રોકવા માટે સરકારે શંકાસ્પદ વ્યવહારો સાથે સંકળાયેલા ૭૦ લાખ મોબાઈલ નંબરને સસ્પેન્ડ કર્યા છે. નાણાકીય સાયબર સિક્યોરિટી અને ડિજિટલ પેમેન્ટની વધતી છેતરપિંડી સંબંધિત મુદ્દાઓ પરની બેઠક બાદ જોશીએ કહ્યું કે, બેંકોને આ સંબંધમાં સિસ્ટમ્સ અને પ્રક્રિયાઓને મજબૂત કરવા માટે કહેવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, આવી વધુ બેઠકો થશે અને આગામી બેઠક જાન્યુઆરીમાં યોજાશે. આધાર સક્ષમ પેમેન્ટ સિસ્ટમ છેતરપિંડી અંગે નાણાકીય સેવા સચિવે જણાવ્યું હતું કે, રાજ્યોને આ મુદ્દા પર ધ્યાન આપવા અને ડેટાની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કહેવામાં આવ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે, મીટિંગમાં વેપારીઓના કેવાયસી માનકીકરણ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. નાણાકીય સેવા સચિવની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં સાયબર છેતરપિંડી રોકવા માટે વિવિધ એજન્સીઓ વચ્ચે બહેતર સંકલન કેવી રીતે સુનિશ્ચિત કરવું તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# અમેરિકામાં ઘૂસણખોરીની સમસ્યા ચૂંટણીનો મુખ્ય મુદ્દો બનશે

વોશિંગ્ટન,

અમેરિકામાં ઘૂસણખોરોનો મુદ્દો રાષ્ટ્રપતિ પદની આગામી ચૂંટણીમાં ફરી એક વખત ઘૂસણખોરીની સમસ્યા મુખ્ય મુદ્દો બને તેવા ભણકારા વાગી રહ્યા છે.

રિપબ્લિકન પાર્ટી વતી ફરી ચૂંટણી લડવા માટે થનગની રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે ઘૂસણખોરો સામે આકરુ વલણ અપનાવવાની જાહેરાત કરી છે. ટ્રમ્પ જ્યારે અમેરિકાના પ્રમુખ હતા ત્યારે તેમણે ગેરકાયદે રીતે અમેરિકા આવતા લોકો સામે લાલ આંખ કરી હતી.ટ્રમ્પે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં કહ્યુ છે કે, હજારોની સંખ્યામાં અમેરિકામાં બોર્ડર ક્રોસ કરીને આવી રહેલા લોકોને હું રોકીશ. જ્યારે ઘૂસણખોરોને ખબર પડશે કે અમેરિકામાં ઘૂસતા લોકો પકડાય ત્યારે તેમને તેમના પરિવારથી અલગ કરી દેવામાં આવે છે ત્યારે તેઓ અમેરિકામાં આવતા બે વખત વિચાર કરશે.

બીજી તરફ સત્તાધારી ડેમોક્રેટિક પાર્ટીએ ઘૂસણખોરો સામે ટ્રમ્પની નીતિઓને અમાનવીય ગણાવી છે. નાગરિકોના અધિકાર માટે લડતા સંગઠનો પણ ટ્રમ્પના એલાન બાદ ચોંકી ઉઠ્યા છે અને તેઓ ટ્રમ્પને આ મુદ્દે કોર્ટમાં પડકારે તેવી પણ શક્યતા છે.હાલમાં અમેરિકાની દક્ષિણ બોર્ડર પરથી મોટા પાયે લોકો દેશણાં ઘૂસી રહ્યા છે. ટ્રમ્પના શાસનકાળમાં આ ઘૂસણખોરી રોકવા માટે પકડાયેલા લોકોને તેમના પરિવારોથી અલગ કરી દેવાયા હતા. જેમાં માતા પિતાને જેલમાં પૂરી દેવાયા હતા અને બાળકોને શેલ્ટર હોમમાં મોકલી દેવાયા હતા.

# ટનલમાંથી બહાર આવેલા કામદારો સાથે મોદીએ કરી વાત



નવી દિલ્હી,

સિલ્ક્યારા ટનલમાં ફસાયેલા કામદારોને સફળતાપૂર્વક બચાવ્યા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેને થોડા સમય માટે અહીં રાખવામાં આવશે. આ દરમિયાન પીએમ મોદીએ બચાવી લેવામાં આવેલા મજૂરો સાથે ફોન પર વાત કરી હતી. તેમણે કામદારોની હાલત પણ પૂછી હતી. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડના સીએમ પુષ્કર સિંહ ધામીને ફોન કરીને કામદારોને સુરક્ષિત બહાર કાઢવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ દરમિયાન પીએમ મોદીએ મુખ્યમંત્રી પાસેથી કામદારોની સ્થિતિ વિશે પણ માહિતી લીધી હતી. ધામીએ તેમને કહ્યું કે પહેલા કામદારોની હેલ્થ ચેકઅપ કરવામાં આવશે અને તે પછી તેમને તેમના ઘરે પાછા મોકલવામાં આવશે. પીએમ મોદીને ધામીમાં કામદારોના પરત આવવા માટે કરવામાં આવેલી વ્યવસ્થા વિશે પણ વિગતવાર માહિતી આપવામાં આવી હતી. બચાવ કાર્યમાં જોડાયેલા લોકોની પ્રશંસા કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે તેમની બહાદુરી અને દ્રઢ નિશ્ચયએ આપણા મજૂર ભાઈઓને નવું જીવન આપ્યું છે. આ મિશનમાં સામેલ દરેક વ્યક્તિએ માનવતા અને ટીમ વર્કનું અદ્ભુત ઉદાહરણ સ્થાપિત કર્યું છે. વડા પ્રધાને ટ્વિટર પર પોસ્ટ કર્યું અને કહ્યું, ઉત્તરકાશીમાં અમારા મજૂર ભાઈઓના બચાવ અભિયાનની સફળતા દરેકને ભાવુક કરી દેશે. સુરંગમાં ફસાયેલા મિત્રોને હું કહેવા માંગુ છું કે તમારી હિંમત અને ધૈર્ય દરેકને પ્રેરણા આપે છે. આ સિવાય પીએમ મોદીએ પોતાના ટ્વીટમાં લખ્યું કે, હું તમને બધાના સારા સ્વાસ્થ્ય અને સારા સ્વાસ્થ્યની કામના કરું છું. ખૂબ જ સંતોષની વાત છે કે લાંબી રાહ જોયા બાદ હવે અમારા આ મિત્રો તેમના પ્રિયજનોને મળશે. આ પડકારજનક સમયમાં આ તમામ પરિવારોએ જે ધીરજ અને હિંમત દાખવી છે તેની કદર કરી શકાય તેમ નથી. વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું, હું આ બચાવ અભિયાન સાથે જોડાયેલા તમામ લોકોની ભાવનાને પણ સલામ કરું છું.

તેમની બહાદુરી અને નિશ્ચયએ આપણા શ્રમિક ભાઈઓને નવું જીવન આપ્યું છે. આ મિશનમાં સામેલ દરેક વ્યક્તિએ માનવતા અને ટીમ વર્કનું અદ્ભુત ઉદાહરણ સ્થાપિત કર્યું છે. ધામીએ કહ્યું કે તેમણે પીએમને કહ્યું કે બચાવ પછી તમામ ૪૧ મજૂરોને પહેલા ચિન્યાલિસૌરની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે, જ્યાં તેમની તપાસ કરવામાં આવશે. આ દરમિયાન મજૂરોના પરિવારના સભ્યો પણ ચિન્યાલીસૌર જશે. આ પછી રાજ્ય સરકાર તેમને તેમના ઘરે મોકલશે.

### મનજીતના ગામમાં ઉત્સવનું વાતાવરણ

# સુરંગમાંથી બહાર આવેલા મજૂરોના પરિવારજનોએ ફોડ્યા ફટાકડા

## ઉત્તરાખંડની સિલ્ક્યારા ટનલમાં છેલ્લા ૧૭ દિવસથી ફસાયેલા ૪૧ મજૂરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે

નવી દિલ્હી,

ઉત્તરાખંડની સિલ્ક્યારા ટનલમાં છેલ્લા ૧૭ દિવસથી ફસાયેલા ૪૧ મજૂરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. જેના કારણે દેશભરમાં ઉજવણીનો માહોલ છે. આખો દેશ આ કામદારો સુરક્ષિત રીતે બહાર આવે તેની રાહ જોઈ રહ્યો હતો. આવી સ્થિતિમાં કામદારો બહાર આવ્યા બાદ ઘટનાસ્થળે હાજર અનેક લોકોની આંખોમાં આંસુ આવી ગયા હતા. પરિવારના સભ્યોની ખુશીની કોઈ સીમા નથી.

દેશના આઠ રાજ્યોમાં રહેતા આ ૪૧ કામદારો માટે ઉજવણીનો માહોલ છે. એક મજૂરના સંબંધીએ જણાવ્યું કે તે છેલ્લા બે અઠવાડિયાથી આ દિવસની રાહ જોઈ રહ્યો હતો. આજે તેની ખુશીની કોઈ સીમા નથી. સૌથી વધુ ઉજવણીનો માહોલ ઝારખંડમાં છે, કારણ કે ઝારખંડના ૧૫ લોકો ટનલની અંદર ફસાયા હતા. આ સાથે યુપીના ૮, ઉત્તરાખંડના ૨, હિમાચલ પ્રદેશના ૧, બિહારના ૫, પશ્ચિમ બંગાળના ૩, આસામના ૨ અને ઓડિશાના ૫ મજૂરો ફસાયેલા છે. નોંધનીય છે કે દિવાળીના દિવસે નિર્માણાધીન ટનલ અચાનક ભૂસ્ખલન બાદ ધરાશાયી થઈ ગઈ હતી, જેમાં ૪૧ મજૂરો ફસાઈ ગયા હતા. આ અકસ્માત બાદ આ મજૂરોને સુરંગમાંથી બહાર કાઢવા માટે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ તેમના પરિવારના સભ્યોમાં નિરાશા અને નારાજગી વધી રહી હતી. પરંતુ હવે આ કામદારોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા બાદ પરિવારના સભ્યોના ચહેરા પર ખુશી જોવા મળી રહી છે. ઝારખંડના રહેવાસી અનિલ બેદિયાના પરિવારજનોએ તેમના બહાર આવવા પર મીઠાઈ વહેંચી છે. ઉત્તર પ્રદેશના લખીમપુર ખેરીનો રહેવાસી મનજીત પણ સુરંગમાં ફસાઈ ગયો હતો, જે હવે સુરંગમાંથી સુરક્ષિત બહાર આવી ગયો છે. સુરંગમાંથી બહાર આવવાના સમાચાર તેના ગામમાં પહોંચતા જ ઉજવણીનો માહોલ શરૂ થઈ ગયો હતો. સંબંધીઓ ઉજવણી કરી રહ્યા છે. એક મજૂરના સંબંધીએ કહ્યું કે અમારા માટે આનાથી વધુ ખુશીની વાત શું હોઈ શકે કે અમે જેમની માટે અઠવાડિયાથી રાહ જોઈ રહ્યા હતા તેઓ સુરક્ષિત બહાર આવી ગયા છે. આ પહેલા સેંકડો લોકો સુરંગની અંદર ફસાયેલા તેમના પરિવારના સભ્યોની સુરક્ષા માટે પ્રાર્થના કરવા માટે એકઠા થયા હતા.

# માવઠા બાદ મોંઘવારીનો માર, શાકભાજીના ભાવમા તોતિંગ

અમદાવાદ,

માવઠા બાદ મોંઘવારીમાં વધારો થયો છે. માવઠા અને લગ્નસરાની સીઝનના કારણે શાકભાજીના ભાવમાં તોતિંગ વધારો થયો છે. હોલસેલ માર્કેટમાં શાકભાજીના ભાવમાં સરેરાશ ૩૦ થી ૪૦ ટકાનો વધારો થયો હતો. બે દિવસ અગાઉ પડેલા કમોસમી વરસાદ અને લગ્નસરાની સીઝન અગાઉ શાકભાજીના ભાવમાં વધારો થયો હતો.

શાકભાજીના ભાવમાં સરેરાશ ૩૦ ટકાનો વધારો નોંધાયો છે. બે દિવસના કમોસમી વરસાદથી પહેલા ખેડૂતોનું તો હવે ગૃહિણીઓનું રસોઈનું બજેટ ખોરવાઈ ગયું છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદથી પાપડી, વટાણા, ભીંડા સહિતની શાકભાજીની વાડીઓમાં પાણી ભરાતા ભારે નુક્સાન થયું છે. દક્ષિણ ગુજરાતની જેમ જ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનો મહત્તમ ભાગ માવઠાનો શિકાર બનતા તુવેર, ગુવાર, ટામેટાના છોડ અને દૂધી, કાકડીના વેલાઓને ભારે નુક્સાન થયું છે. સ્વાભાવિક રીતે આ નુકસાનની અસર બજારોમાં પણ જોવા મળવા લાગી છે. રાજ્યમાં પાકતા શાકભાજીના ભાવમાં ૨૦થી ૩૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. કમોસમી વરસાદના કારણે શાકભાજીમાં જીવાત પકડવાની શક્યતા રહેલી છે અને નાના છોડ અને વેલાઓ કોહવાઈ જાય તેવી શક્યતા રહેલી છે. હોલસેલ માર્કેટમાં ૩૦ રૂપિયાના ભાવે વહેંચાતા ટામેટા ૪૦ સુધી તો ૩૫ રૂપિયાના ભાવે વેચાતા રિંગણ, વટાણા, તુવેરના ભાવ વધીને ૪૫ સુધી પહોંચવાની શક્યતા છે. હાલમાં શાકભાજીના ભાવ શું છે તેના પર નજર કરીએ તો પાલક ૮૦, આદુ ૧૬૦, મેથી ૧૦૦, ટામેટા ૬૦થી ૭૦, રીંગણ ૮૦, ભીંડા ૮૦, કોબીઝ ૬૦, ગવાર ૧૦૦, ફ્લાવર ૬૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે. સિંગતેલના ભાવમાં ૫૦ રૂપિયા સુધીનો વધારો થયો છે. મગફળીનો



પાક તો અગાઉ તૈયાર થઈ ગયો છે અને અંદાજીત ૪૦ લાખ ટન પાકનો અંદાજ સરકારે જાહેર કર્યો છે. ૨૦ તારીખે સિંગતેલનો ભાવ ૨૬૩૫-૨૬૮૫ની નીચી સપાટી સુધી પહોંચ્યો હતો. પરંતુ ૨૬ તારીખ મહત્તમ ભાવ ૨૭૩૫ સુધી પહોચ્યો પરંતુ ગઈકાલે ભાવ ૨૭૩૫-૨૭૮૫નો રહ્યો હતો.જો કે કપાસિયા તેલના ભાવ હાલ સ્થિર જોવા મળી રહ્યા છે. તહેવારો બાદ પણ સોનાના ભાવમાં વધારો યથાવત છે.

## જાનૈયા પાસેથી ચોર પહેરામણીના દોઢ લાખના દાગીના ઉઠાવી ગયો

અમદાવાદ, તા.૨૯

હાલમાં રાજ્યમાં ઠેર ઠેર લગ્નો ચાલી રહ્યાં છે, લગ્ન સિઝન પુરજોશમાં છે, ત્યારે આ બધાની વચ્ચે એક લગ્નમાં બનેલી ચોરીની ઘટનાએ બધાને ચોંકાવી દીધા છે, ખરેખરમાં, અમદાવાદમાં એક લગ્ન પ્રસંગ દરમિયાન મોટી ચોરી થઈ છે. અહીં ચોરોએ જાનૈયા પાસેથી અંદાજિત દોઢ લાખના દાગીના ચોરી લીધા છે. મળતી માહિતી પ્રમાણે, અમદાવાદમાં ચાંદખેડા વિસ્તારમાં આ ચોરીની ઘટના ઘટી છે. રાજકોટથી જાન લઈને જાનૈયા અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં લગ્નમાં આવ્યા હતા, જ્યારે લગ્ન પ્રસંગ તપોવન સર્કલ પાસે આવેલી ફન પોઈન્ટ ગાર્ડન રેસ્ટોરન્ટમાં ચાલી રહ્યો હતો, તમામ લોકો લગ્નમાં વ્યસ્ત હતા તે સમયે ચોરો તકનો લાભ ઉઠાવીને એક મહિલાની બેગમાંથી ૧.૩૦ લાખના દાગીના ચોરી લીધા હતા, આ દાગીના લગ્નમાં પહેરામણી માટેના હતા. હાલ આ ચોરીની ઘટના અંગે ચાંદખેડા પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે. સુરતમાં વધુ એક મોટી ચોરીની ઘટનાને ચોરોએ અંજામ આપ્યો છે, આ સાથે જ પોલીસની કામગીરી પર પણ સવાલો ઉઠ્યા છે. સુરતના કતારગામ વિસ્તારમાં ગઈ મધરાત્રે એક બંગલામાં ચોર ઘૂસ્યા અને ૬.૮૮ લાખ રૂપિયાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા, આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.

### મોડી રાત્રે પતિ સાથે ઝઘડો કરીને નીકળી હતી પરિણીતા

## પરિણીતા પર જીઆરડી જવાને રસ્તાં ઉપર જ આચર્યુ દુષ્કર્મ

### પોલીસે જીઆરડી જવાનની ધરપકડ કરી લીધી છે

વડોદરા,

વડોદરામાંથી વધુ એક મોટી દુષ્કર્મની ઘટના ઘટી છે, શહેરના મંજૂસર અને સાવલી રોડ પર મોડી રાત્રે જઈ રહેલી એક પરિણાતા પર જીઆરડી જવાને દુષ્કર્મ આચર્યુ છે. મોડી રાત્રે મહિલા પર દાનત બગાડી જીઆરડી જવાને ધમકી આપી હતી, બાદમાં રસ્તાંની બાજુ પરના કેબિનમાં લઈને જઈને દુષ્કર્મના ઘટનાને અંજામ આપ્યો હતો, મહિલાએ બાદમાં સમગ્ર ઘટના પોતાની સહેલીને જણાવતા જીઆરડી જવાનનો ભાંડો ફૂટી ગયો હતો. હાલમાં પોલીસે જીઆરડી જવાનની ધરપકડ કરી લીધી છે. મળતી માહિતી પ્રમાણે, વડોદરામાં વધુ એક ચોંકાવનારી દુષ્કર્મની ઘટનાએ તમામને ચોંકાવી દીધા છે. આ દુષ્કર્મની ઘટના પોલીસ સ્ટેશન સેવા આપી રહેલા જીઆરડી જવાને જ આચરી છે. શ

હેરના મંજૂસર-સાવલી રોડ પર લામડાપુરા બસ સ્ટેન્ડ પાસે જી.આર.ડી જવાને આ દુષ્કર્મ આચર્યુ હતુ. ખરેખરમાં વાત એમ છે કે, અહીં એક પરિણીતાને પોતાના પતિ સાથે ઝઘડો થયો હતો, આ કારણોસર તે મોડી રાત્રે પોતાની સહેલીના ત્યાં જવા નીકળી હતી, આ દરમિયાન પરિણીતાને જીઆરડી જવાને જોયા બાદ દાનત બગાડી હતી, તેને પૂછપરછના બહાને જીઆરડી જવાને કેબિન પાછળ લઈ ગયો હતો, તેને ધમકી આપીને તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતુ. જોકે, બાદમાં પરિણીતાએ સહેલીના ઘરે જઈને સમગ્ર ઘટના જણાવી હતી, અને બે દિવસ બાદ મંજૂસર પોલીસ સ્ટેશનમાં જીઆરડી જવાન વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી.

## ચીનમાં ફેલાઈ રહેલી નવી બીમારીને લઈ રાજ્યનું આરોગ્ય વિભાગ હરકતમાં

ગાંધીનગર,

ચીનમાં નવી ઊભી થયેલી બીમારી સંદર્ભે રાજ્યનો આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યો છે. ગુજરાતના આરોગ્ય કમિશનરે પરિપત્ર જાહેર કરી સમગ્ર રાજ્યમાં સાવચેતી રાખવા આદેશ કર્યા છે. ગુજરાતના તમામ જિલ્લા આરોગ્ય અધિકારી, મહાનગરના આરોગ્ય અધિકારી અને સિવિલ હોસ્પિટલના વડાઓને પત્ર લખીને તકેદારી રાખવા માટે સૂચનો કરવામાં આવ્યા છે. ઈન્ફ્લ્યુએન્ઝા, માયકોપ્લાઝમા ન્યૂમોનિયા **SARS - CoV- 2** જેવા રોગોથી સાવચેત રહેવા સૂચના અપાઈ છે. ચીનમાં બાળકોમાં આ પ્રકારની શ્વસનની બીમારી જેવા રોગો જોવા મળી રહ્યા છે. આ નવા રોગે ચીનમાં હાહાકાર મચાવી દીધો છે.

હોસ્પિટલમાં સ્ટાફ, બેડ, દવાઓ અને ટેસ્ટિંગની ઉપલબ્ધતા ચકાસી રિપોર્ટ કરવા આદેશ કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં રહેલા ઓક્સિજન પ્લાન્ટની ક્ષમતા અને કાર્યક્ષમ કરીને રિપોર્ટ કરવા આદેશ આપવામાં આવ્યા છે. વેન્ટિલેટર, પિપિઈ કીટ અને એન્ટીવાયરલ દવાઓ પૂરતા પ્રમાણમાં રાખવા આદેશ કરવામાં આવ્યો છે. આઈસોલેશન વોર્ડ તાત્કાલિક શરૂ કરી શકાય તેવી તૈયારી રાખવા પણ પત્રમાં ઉલ્લેખ કરાયો છે.

રાજ્ય સરકાર દ્વારા પત્ર લખી નીચે પ્રમાણે સૂચનો આપવામાં આવ્યા છે.

- આપની સંસ્થા ખાતે કાર્યરત તમામ વસ્તુઓને અપડેટ કરવી તથા ફંકશનીંગ કરવી

- આપશ્રીના સંસ્થા ખાતેના **PSA** પ્લાન્ટ, લીક્વીડ ઓક્સીજન પ્લાન્ટ, **O2** કોન્સનટ્રેટર કાર્યરત છે કે કેમ તે સુનિશ્ચિત કરી તાત્કાલિક કાર્યરત કરવા જણાવવામાં આવે છે.

- ફાયર સેફટી, ઈન્સ્ટ્રૂમેન્ટ સેફટી ઓડીટ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું.

## ઠંડીમાં વધારો થવાની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ,

રાજ્યમાં હવે માવઠાનું સંકટ ટળી ગયું છે. મળતી જાણકારી અનુસાર, હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં હવે માવઠાની શક્યતા નહી છે. જોકે ઠંડીમાં વધારો થશે. આગામી દિવસોમાં તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી ઘટાડો થશે. હવામાન વિભાગના મતે ગુજરાત પરથી વરસાદી સિસ્ટમ પસાર થઈ ચૂકી છે ત્યારે હવે કમોસમી વરસાદ પડવાની કોઈ શક્યતા નથી. આ સાથે જ મંગળવારથી હવામાન વિભાગે ઠંડીનું જોર વધવાની શક્યતા વ્યક્ત કરી છે. કમોસમી વરસાદના કારણે તાપમાનમાં ઘટાડો થયો છે. જેના કારણે રાજ્યના લોકો હવે ઠંડીના ચમકારોનો અનુભવ કરશે. તો ડિસેમ્બરના પ્રારંભથી તો હાડ થિજાવતી ઠંડી પડવાની હવામાન વિભાગને આગાહી કરી છે. ગઈકાલે કચ્છનું નલિયા સૌથી ઠંડુંગાર રહ્યું હતું. નલિયામાં ૧૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. તો ભુજ અને ડીસામાં ૧૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જ્યારે અમદાવાદમાં ૧૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya